હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના ઊપવાસ નહી, મારી દિકરી અલગ રીતે નવરાત્રીની ફુડ પેટર્ન રાખે છે... તે નવે નવ દિવસ અલગ અલગ કંપનીના પીઝા જ ખાય છે...!!

છાવણી ખાતે દિવ્યાંગ ભાઈ બહેનોના પડતર પ્રશ્નો મુદ્દે ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૨૬

પાટનગરની છાવણી ખાતે દિવ્યાંગ ભાઈ બહેનો મોટીસંખ્યામાં એકઠા થયા હતા. દિવ્યાંગ ભાઈ-બહેનોએ છાવણી ખાતે ધરણા યોજી સુત્રોચ્ચાર કર્યા હતા. પોતાના પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ માટે રાજયના મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. દરેક દિવ્યાંગને મહિને પેન્શન આપવું, જે ઘરમાં દિવ્યાંગ હોય તેને ૦ થી ૧૬ના સ્કોરમાં બીપીએલમાં સામેલ કરવા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

મળતી વિગત મુજબ ગુજરાત રાજયમાં નોંધણી પ્રમાણે અંદાજીત ૧૨ લાખ દિવ્યાંગ ભાઈ બહેનો છે. હાલની કારમી મોંઘવારીમાં જીવન નિર્વાહ માટે

દિવ્યાંગ ભાઈ બહેનોની હાલત કફોડી બની છે. ત્યારે દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા દિવ્યાંગોના જીવન ધોરણને ઉંચુ લાવવા માટે તેમજ દિવ્યાંગોને રોજગાર, પેન્શન, સરકારી નોકરીમાં ભરતી, સરકારી સહાય જેવા ગંભીર મુદ્દાઓ પર છેલ્લા ૪ વર્ષથી સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવે છે. પરંતુ આજદિન સુધી સરકાર તરફથી હકારાત્મક પરિણામ મળ્યું નથી. ત્યારે દિવ્યાંગોની પડતર માંગણીઓમાં દિવ્યાંગોને ૪ ટકા અનામત ધોરણે નોકરીમાં બઢતી માટે જોગવાઈ કરવી, દિવ્યાંગોને ૨ એકર જમીન ફાળવવી, લોનમાં સબસીડી કાયમી કરવી, રાજયમાં દિવ્યાંગ વિકાસ નિગમની રચના કરી જાત જામીનગીરી ઉપર સીધા ધિરાણની લોન ઉપલબ્ધ કરાવવી, રાજયમાં વર્ષ ૨૦૧૬ દિવ્યાંગ ધારોનો ચુસ્ત પણે અમલ કરાવવો, કોમ્પ્યુટર ઓપરેટર તેમજ કલાર્કની પોસ્ટ પર તેઓની ભરતી થવી જોઈએ.

તેમજ દિવ્યાંગને માસિક રૂ.૫ હજાર પેન્શન મળવુ જોઈએ.આ પ્રસંગે દિવ્યાંગ અધિકાર મંચના પ્રમુક રમેશભાઈ કોરાટ, ઉપપ્રમુખ ઈશ્વર દેસાઈ, મંત્રી ગોવિંદ પટેલ સહિત ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજે ૩૮૪૯ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રી સુધી આજે ઊંચકાયો છે. જો કે હળવા છાંટા પછી નગરજનો ઉકળાટથી ત્રાહિમામ થઈ ગયા હતા.
- ગુજરાત વિધાન સભાનું ચોમાસુ સત્ર ૨૧-૨૨ સપ્ટેમ્બરના રોજ યોજાશે.
- ગાંધીનગરમાં આજથી ત્રિદિવસીય એગ્રીએશિયા એક્સ્પોના એક્ઝીબીશન સેન્ટર ખાતે આરંભ થઈ રહ્યુ છે.
- ટી.બી.મુક્ત ભારત અભિયાનને વેગ આપવા આજે મહામહિમ રાષ્ટ્રપતિ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી દેશના તમામ પદાધિકારીઓને સંદેશ આપશે.
- ૧૦મી સપ્ટેમ્બરના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આરોગ્ય સેવાયજ્ઞનું સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ વાડી ખાતે આયોજન કતમામ કર્મયોગીઓ ખાસ સી.એલ. પર જવાના છે.
- લવાડ રક્ષાશક્તિ યુનિ.ના વાઈસ ચાન્સેલરની નિયુક્તીનો મામલો હાઈકોર્ટે પહોંચ્યો.

દોલારાણા વાસણાના સરપંચ વિરસંગજી ચૌહાણની સરપંચ પરિષદ ગુજરાતના પ્રદેશ મંત્રી તરીકેની નિમણૂંક

ચિલોડા, તા. ૨૬

સરપંચ કાઉન્સીલર ગુજરાત દ્વારા ગાંધીનગર જિલ્લાના દોલારાણા વાસણાના સરપંચ વિરસંગજી બાબુજી ચૌહાણની તા. ૧૯-૯-૨૦૨૨ સરપંચ પરિષદ ગુજરાતના પ્રદેશ મંત્રી તરીકેની નિમણૂંક કરવામાં આવી છે. વિરસંગજી સરપંચ તરીકે તમામ શક્તિ અને વિચારો ગ્રામ્ય સરપંચોના વિકાસ માટે ઉપયોગી બનો અને સરપંચ પરિષદ ગુજરાતને આગળ વધારશો તેવી અપેક્ષા સહ સરપંચ પરિષદની ઉમદા કામગીરી બજાવવાની ગ્રામ્ય સરપંચોના પ્રશ્નોને વાચા આપવા અને સંગઠિત કામગીરી કરવા પ્રોત્સાહન પુરૂ પાડવાની સક્ષમતા

કેળવવા સૌની સેવા બજાવવાની ઉત્તમ તકને ઉજ્જવળ બનાવશો તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા કાનૂની શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પેટ્રોન ઈન ચીફ અરવીંદકુમાર તથા કારોબારી અધ્યક્ષ સોનીયાબેન ગોકાણીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા તા. ૨૬-૯-૨૨ થી ૨૦-૧૦-૨૨ સુધી યુનીસેફ સાથે સૌહાર્દ સંસ્થાના સહયોગથી સમગ્ર રાજ્યના જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો દ્વારા બાળકો સાથે જાતીય સતામણી અધિનિયમ (પોસ્કો એક્ટ)ની કાનૂની જોગવાઈ અંગે જાગૃતતા ફેલાવવા એક કેમ્પેઈન શરૂ કરવાનું હોય તેના ભાગરૂપે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાની સરકાર દ્વારા સંચાલીત તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમીક શાળાઓ તથા કોલેજોમાં કાનૂની શીબીરનું આયોજન કર્યુ છે તેમાં આજરોજ ગુજરાત સ્ટેટ સર્વીસ ઓથોરીટીના માર્ગદર્શન હેઠળ ગ્રામભારતી સંસ્થા, અમરાપુર, ગાંધીનગર ખાતે અવેરનેશ કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ આર.એ. ત્રિવેદી, ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ તેમજ અધ્યક્ષ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગનરના જે.આર. શાહ, ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ વિ.એસ. ગઢવી તથા યુનિસેફ સંસ્થાના પ્રતિનિધિ હેમાનીબેન તેમજ પેનલ વકીલ એ.બી. રાઠોડ તથા પી.એલ.વી. સુધીરભાઈ દેસાઈ હાજર રહ્યા હતા અને પોક્સોના કાયદા વિષે વિદ્યાર્થીઓને કાયદાકીય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ.

ખોરજા પરા કટ પાસેથી બુલેટ ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

કલોલ તાલુકા પોલીસ મથકના અનડીકેટક વાહન ચોરીના ગુનાનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી એલસીબી-૨ એ ઉકેલી દીધો છે. પોલીસે ચોરીના વાહન સાથે ખોરજા પરા કટ પાસેથી આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ અને એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ વાહનચોરીના ગુનાઓ શોધવા માટે વિવિધ ટીમો કાર્યરત થઈ હતી.જેમાં ચોરીના ગુનાની સ્થળ વિઝીટ કરવા તેમજ અગાઉ વાહનચોરીના ગુનામાં ઝડપાયેલા આરોપીઓની વોચમાં રહી હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સપોર્ટને પગલે વાહનો શોધવા માટે ટીમ કામ કરી રહી હતી.તે સમયે હે.કો.સજ્જાદ હુસેન સબ્બીર હુસેન, તેમજ બેચરભાઈ ગેબાભાઈ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ હતા.તે દરમિયાન સંયુકત બાતમી મળી હતી કે બે

શખ્સો શંકાસ્પદ નંબર પ્લેટ વિનાના બુલેટ સાથે ખોરજા પરા કટ ખાતે ઉભા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી રવિ સતિષ પ્રજાપતિ (રહે.૩૨ કવાર્ટર ગાયનો ટેકરો કલોલ) અને કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને પકડી પાડ્યો હતો. પોલીસે તેઓની પુછપરછ કરતા સઈજ ગામે થી બે દિવસ પહેલા રાત્રીના સમયે બુલેટની ચોરી કરી હોવાનું કબુલાત કરી હતી.જે અંગે પોલીસે તપાસ કરતા કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. એલસીબી-૨ પોલીસે બુલેટ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરી પોલીસે રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજે ચાંદખેડામાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૬

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩/સીના મધુબેન કે.કડીકરના સુરમધુર કંઠે ૨૭મીએ મંગળવારે બપોરે ૧.૩૦થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. સુશીલાબેન પી.મકવાણા બી-૩૦, ઉત્કર્ષ બંગલોઝ-૧, ચાંદખેડા ખાતે યોજાનાર ગરબામાં સૌ ભક્તજનોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કલોલ મેડિકલ એસોચિશન દ્વારા ટીબી ના ૪૧ દર્દીઓને રાશન કીટ વિતરણ..

ગાંધીનગર, તા.૨૬

માનનીય વડાપ્રધાન શ્રી દ્વારા ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કરેલ છે ને સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૨ માંથી ટીબી ના રોગને નાબૂદ કરવાનું નક્કી કરેલ છે.તાજેતર માં ભારત સરકારશ્રી દ્વારા અને ગુજરાત રાજ્ય ના માન.આરોગ્ય મંત્રીશ્રી દ્વારા કોમ્યુનિટી સપોર્ટ ટુ ટીબી પેશન્ટ પહેલ શરૂ કરવામાં આવી છે જે મુજબ આપ નિક્ષય મિત્ર તરીકે સહભાગી થઈને ટીબી ના દર્દીઓને સ્થાનિક સંસ્થાઓ અને દાતાઓની મદદ થી ન્યુટ્રેશન કીટ આપવા અપીલ કરવામાં આવેલ છે જેના ભાગ રૂપે કલોલ મેડિકલ એસોસીએશન દ્વારા ટીબીના જરૂરિયાતમંદ ૪૧ દર્દીઓને દત્તક લીધેલા છે જેમાં ૧,૬૮,૦૦૦ રૂપિયાના સહયોગથી ટીબી ના દર્દીઓને કલોલ મેડિકલ એસોસિયેશન તરફથી ૬ માસ સુધી રાશન કીટ આપવામાં આવશે .જેથી આ મદદ કરવા બદલ કલેકટરસાહેબશ્રી દ્વારા આવી સારી કામગીરી કરવા બદલ કલોલ મેડિકલ એસોયિશન ને સર્ટિફિકેટ આવામાં આવેલ. ટીબી હરેગા દેશ જીતેગા...

શેરી ગરબામાં નાસ્તાનું આકર્ષણ બન્યું આશિર્વાદરૂપ.!

રાત્રે ૧૨ વાગે ગરબા પુરાં થયા બાદ જામતી સામુહિક નાસ્તા-પાણીની જયાફતો : નાસ્તાના ટ્રેન્ડને કારણે શહેરના કેટરર્સ અને ખાણી-પીણીના વેપારીઓને પણ 'સીઝન'

ગાંધીનગર, તા. ૨૬

મા આદ્ય શક્તિ જગદંબાની આરાધનાનું પર્વ નવરાત્રી અનેક પ્રકારની વિશેષતાઓથી સજ્જ હોય છે. વળી, સમયાંતરે તેમાં નીતનવા આકર્ષણો અને પરંપરાઓ ઉમેરાતી જાય છે. શહેરમાં છેલ્લાં ઘણાં વર્ષથી શેરી ગરબામાં નાસ્તાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. શહેરની સોસાયટીઓમાં યોજાતી નવરાત્રીમાં સામુહિક નાસ્તાનો જે ટ્રેડ ચાલી રહ્યો છે તેમાં દરરોજ રાત્રે અલગ અલગ નાસ્તાનું આયોજન કરવામાં આવે છે જેના કારણે શહેરના ખાણી-પીણીના બજાર તેમજ નાના-મોટા કેટરર્સને પણ સારો એવો ધંધો મળી રહે છે.

છેલ્લાં ઘણાં સમયથી નવરાત્રીમાં રાત્રે ૧૨ વાગ્યા પછી લાઉડસ્પીકર્ક વગાડવા પર પાબંધી હોવાને કારણે હવે અગાઉના વર્ષોની જેમ મોડી રાત્રિ કે પરોઢ સુધી ગરબાં યોજાતાં નથી. પરંતુ કોઈપણ પરિસ્થિતિને અવસરમાં કેવી રીતે પરિવર્તિત કરવી તે ગુજરાતીઓને સારી રીતે આવડે છે. મર્યાદિત સમયમાં ગરબા આટોપી લેવાના હોવાથી નવરાત્રીનો આનંદ માણવા ગુજરાતીઓએ નવો કિમીયો શોધી કાઢ્યો છે જેમાં નાસ્તા-પાણીની જયાફતનો સમાવેશ થાય છે. મોટે ભાગે સેરી ગરબામાં રાત્રે ૮ વાગ્યા પછી આરતી યોજાય છે અને તે પછી ગરબા શરૂ થતાં થતાં ૯ વાગી જાય છે જેના કારણે ત્રણેક કલાક જ ગરબા રમવા મળે છે. આટલો સમય મળી રહે તે માટે સોસાયટીમાં નવરાત્રી સમિતિ દ્વારા ગરબા વહેલા શરૂ થઈ જાય તેનો આગ્રહ રખાય છે જેથી મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓને સાંજની રસોઈ અને તે પછીના ઘરકામ તેમજ ગરબા માટે તૈયાર થવાનો સમય પણ મર્યાદિત રહે છે. આ સ્થિતિમાં ઘરમાં સાંજનું ભોજન હળવું બને જેવી સ્થિતિ સર્જાય છે. આ પછી રાત્રે ૧૨ વાગ્યા સુધી ગરબા રમીને થાક્યાંપાક્યા સૌને ફરી ભૂખ લાગે છે જે સમયે નવરાત્રી ગ્રાઉન્ડમાં જ યોજાતા સામુહિક નાસ્તા આશિર્વાદરૂપ બની રહે છે.

સેક્ટરોમાં સોસાયટીઓમાં મકાનોની લાઈનો કે બુથ દ્વારા રાત્રિ નાસ્તાના દિવસોનો ખર્ચ વારા ફરથી ઉપાડવામાં આવે છે તે રીતે જ્યાં ફ્લેટ કે એપાર્ટમેન્ટ છે ત્યાં બ્લોકવાઈઝ નોરતાં નોધાવ્યા હોય છે. આ કારણે નાસ્તામાં પણ વેરાયટી મળી રહે છે. કેટલીકવાર દાતાઓ દ્વારા પણ નાસ્તાનું આયોજન કરાય છે જ્યારે કેટલીક સોસાયટીઓમાં હવે નવરાત્રી સમિતિ દ્વારા જ અગાઉથી નવરાત્રી ફાળા પેટે નાસ્તા ખર્ચ પણ ઉઘરાવી લેવામાં આવે છે અને દરરોજ અલગ અલગ નાસ્તાનું આયોજન સમિતી જ સંભાળે છે. આ નાસ્તા મોટે ભાગે રાત્રે ગરબાના સમાપન બાદ જ કરવામાં આવે છે. જેના કારણે છેક સુધી ગરબામાં ખેલૈયાઓની હાજરી પણ રહે છે.

નવરાત્રીમાં સૌથી વધુ પસંદગી પામેલા નાસ્તા

બટાકાવડા, મિક્સ ભજીયા, દાળવડા, ગોટા, ફાફડા-જલેબી, સેવખમણી, બટાકાપૌઆ, ડ્રાય મન્ચ્યુરિયન, દાબેલી, વડાપાઉં, સમોસા, સેવખમણી, નાયલોન ખમણ, વાટીદાળના ખમણ, કચોરી, પાપડી, ફુલવડી, ચોળાફળી

સચિવાલય ગાંધીનગર ખાતે નવરાત્રી નિમિત્તે પાણી પુરવઠા વિભાગ મા જગદંબાની આરતી સ્તુતિ કરી સર્વને સુખ, શાંતિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

રોજગાર/એપ્રેન્ટીસ નિમણુંક પ્રમાણપત્રોના વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર જિલ્લા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા યોજાઈ ગયો

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે આજરોજ રોજગાર- એપ્રેન્ટીસ નિમણુંક પ્રમાણપત્ર વિતરણ સમારંભનું આયોજન કરાયું હતું. ગાંધીનગર જિલ્લામાં આજે કુલ- ૩૮૦૦ જેટલા રોજગાર-એપ્રેન્ટીસ નિમણુંક પત્ર આપવામાં આવ્યા છે. ગુજરાતની વિકાસ યાત્રાની વણઝારમાં સહભાગી થવા અને પોતાનું કાર્મિક યોગદાન આપતા આ યુવાનોને જોઈને આજે ખુબ ખુશી થાય છે. કારણ કે સૌના આદર્શ અને માર્ગદર્શક એવા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ન્યુ ઈન્ડીયનું સપનું જોયુ છે. તેને સાકાર કરવાની જવાબદારી આપણા સૌની સહિયારી છે. આ દિશામાં રાજયના

ગાંધીનગરના સિવિલ હોસ્પિલના મેડિકલ કોલેજના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ સમારંભમાં મહાનુભાવોના હસ્તે પ્રતિકાત્મ રૂપે ૨૮ ઉમેદવારોને નિમણુંક પત્રો આપવામાં આવ્યા હતા. સમારંભનો દીપ પ્રાગટય કરીને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણાએ જણાવ્યું હતું કે, આજે મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. રાજયના શ્રમ – રોજગાર વિભાગ દ્વારા છેલ્લા પાંચ મહિનામાં ૯૩૦ ભરતી મેળાઓનુ આયોજન કરીને ૩૩૦૦ નોકરીદાતાઓ દ્વારા ૧ લાખ ૩૦ હજાર ઉમેદવારોને નોકરી આપવામાં આવી છે.

સરસ્વતી વિદ્યાલય ખાતે ભારત કો જાનો પ્રશ્નમંચ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા 'ભારત કો જાનો' પ્રશ્નમંચ-૨૦૨૨ કાર્યક્રમના અનુસંધાનમાં ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સે. ૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયના પ્રાથમિક વિભાગ તેમજ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રાથમિક વિભાગમાંથી બારોટ કર્તવ્ય અને માધ્યમિક વિભાગમાંથી બારોટ વંશિકાએ પ્રથમ શ્રેણીમાં સ્થાન મેળવ્યુ હતુ. પ્રથમ અને દ્વિતીય શ્રેણીમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને ભારત વિકાસ પરિષદ દ્વારા પ્રોત્સાહનરૂપે ઈનામ તેમજ પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જલારામ મહિલા મંડળ દ્વારા અમાસના દિવસે ગાયો માટે સેવાકાર્ય

ગાંધીનગર, તા.૨૬

જલારામ મહિલા મંડળ તરફ થી અમાસ ના દિવસે માણસા પાંજરાપોળ ની મુલાકાત લઈ ને ગાયો ને લાપસી તથા બુંદી વિતરણ ના તથા ઘાસચારા ના સેવાકાર્ય મા જોડાઈ ને શ્રાદ્ધ ના છેલ્લા દિવસે ઉમદા કાર્ય કરવા નો લાભ લીધેલ મંડળ ની બહેનો દ્વારા મળેલ દાન થી લમ્પીવાઈરસ થી પીડિત ગાયો ના સારવાર પેટે પણ અન્ય ગૌ શાળા મા મંડલ તરફ થી ફંડ આપવા મા આવેલ સેવા ના ઉત્તમ કાર્ય મા પ્રમુખ મીતલબેન રાણા ની સાથે કારોબારી ની બહેનો હાજર રહી ને સહયોગ કરેલ